
## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




સાવધાન, દરેક પક્ષ તેના પક્ષનાં હોશિયારમાં હોશિયાર ઉમેદવારને શોધીને આપણને કેમ ઉલ્લું બનાવવા તેની ક્વાયત ચાલુ કરી દીધી છે...

# જમીનના ડખામાં કૌટુંબીક ભાઈઓ વચ્ચે ધીંગાણુ

**આદરજ મોટી ગામમાં વિવાદીત જમીન પર છાપરુ બાંધવા જેવી બાબતે ધારીયા ઉછળ્યા : ૧૨ શખ્સો સામે ફરીયાદ : ૬ ઘાયલ**

ગાંધીનગર, તા. ૧૯

"જર, જમીન અને જોરુ - ત્રણેય કજીયાના છોરુ" આ કહેવતના શબ્દો જાણે સાચા લાગી રહ્યા છે. ગાંધીનગર નજીક આવેલા મોટી આદરજ ગામે જમીનના ડખામાં પરિવારના ભાઈઓ વચ્ચે મારામારીની ઘટના પ્રકાશમાં આવી છે. જમીન અંગે કોર્ટ કેસ ચાલી રહ્યો છે દરમિયાન આ જમીન પર છાપરુ બાંધવા જેવી નજીવી બાબતે ધારદાર કુહાડી, ધારીયા જેવા તીક્ષ્ણ હથીયારોથી મારામારી સર્જાતા કુટુંબના ૬ સભ્યો ઘાયલ થયા પામ્યા છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તમામ છ ઈજાગ્રસ્તને સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. આ મામલે સામસામે ૧૨ શખ્સો સામે પેથાપુર પોલીસ મથકમાં ગુનોં દાખલ થતા પોલીસ તટસ્થ તપાસ શરુ કરી છે.

પેથાપુર પોલીસ પાસેથી મળતી વિગત મુજબ મોટી આદરજ ગામના નવા પરામાં રહેતા મંજેશ મહોતજી ઠાકોરે પોલીસ ફરીયાદ નોંધાવી છે. તેમની ફરીયાદ મુજબ આ જમીનમાં તેમણે છાપરુ બનાવેલુ છે, ગઈકાલે બપોરે તેમના કૌટુંબીક ભાઈઓ આ છાપરુ હટાવવા આવી પહોંચ્યા હતા. છાપરુ હટાવવાની ના પાડતા મામલો બિચક્યો હતો અને મારામારી થઈ હતી. જેને પગલે મંજેશે તેના કૌટુંબીક ભાઈઓ ભવાન મંગા ઠાકોર, શાંતિ મંગા ઠાકોર, ચંદુ મંગા ઠાકોર, ગોંવિદ મંગા ઠાકોર, મહેશ ઠાકોર અને નરેન્દ્ર ચંદુ ઠાકોર સામે ફરીયાદ નોંધાવી છે. તો બીજીતરફ શાંતિ મંગાજી ઠાકોરે ક્રોસ ફરીયાદ નોંધાવી છે કે તેમની જમીનના કબ્જા મુદ્દે કેસ ચાલુ છે ત્યાં ગેરકાયદેસર બંધાયેલું છાપરુ તેઓ હટાવતા હતા ત્યારે તેમના કૌટુંબીક ભાઈઓએ તેમની સાથે મારામારી કરી હતી. મહોત લક્ષ્ણણ ઠાકોર, શંભુ શીવા ઠાકોર, રાઘુ ભીખા ઠાકોર, મંજીત મહોત ઠાકોર, બાબુ શીવા ઠાકોર અને નટવર લક્ષ્મણ ઠાકોર સામે શાંતી ઠાકોરે ફરીયાદ નોંધાવી છે. બંન્ને પક્ષે કુહાડી, દાંતી, ધારીયુ અને ધોકા સહિતના હથીયારો સાથે થયેલી મારામારી મામલે પેથાપુર પોલીસે ૧૨ શખ્સો સામે ગુનોં દાખલ કરીને ઘટનાની વધુ તપાસ શરુ કરી છે.

# ધો -૧૦ માં સંસ્કૃત વિષય સાથે બોર્ડની પરીક્ષા પૂર્ણ વિદ્યાર્થીઓને હાશકારો

ગાંધીનગર તા ૧૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત તા ૭ માર્ચથી ધો -૧૦ અને ૧૨ ની પરીક્ષાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જયારે હોળી ધુળેટી ના પર્વ પુર્વે આજે ધો -૧૦ની પરીક્ષા સંસ્કૃત વિષય સાથે પુર્ણ થતા વિદ્યાર્થીઓએ હાંશકારો અનુભવ્યો હતો. પરીક્ષા પુર્ણ થતા વિદ્યાર્થીઓ હવે વેકેશન માંણવા માટે ઉત્સુક બન્યા છે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત તા ૭ માર્ચથી ધો -૧૦ની બોર્ડ પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જયારે જિલ્લામાંથી અંદાજિત ૩૩ હજાર જેટલા વિદ્યાર્થીઓએ ધો -૧૦ની પરીક્ષા આપી છે. સાથે ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહ તેમજ સામાન્ય પ્રવાહની પરીક્ષા પણ હજુ ચાલી રહી છે. જો કે ધો -૧૦ ની પરીક્ષા આજે પુર્ણ થતા વિદ્યાર્થીઓએ હાંશકારો અનુભવ્યો છે. ધો -૧૦ માં આજે સંસ્કૃત વિષયની પરીક્ષા સાથે વિદ્યાર્થીઓએ બોર્ડની કસોટીનુ અંતિમ પેપર આપ્યુ હતુ. સંસ્કૃતનુ પેપર પણ વિદ્યાર્થીઓ માટે સરળ પુરવાર થયુ હતુ. જયારે અગાઉ પણ ધો -૧૦ માં મોટાભાગના વિષયોની પરીક્ષા વિદ્યાર્થીઓ માટે સરળ રહેતા પરીક્ષાર્થીઓ તેમજ વાલીઓમાં હાંશ થઈ છે. હવે આખા વર્ષની મહેનતના અંતે પરીક્ષા પુર્ણ થતા વિદ્યાર્થીઓ પણ હળવા મુડમાં જોવા મળી રહ્યા છે. પરીક્ષા દરમિયાન જિલ્લામાંથી એક પણ કોપી કેસ નોંધાયો નથી. જો કે એક ડમી વિદ્યાર્થી ઝડપાયો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.



આગામી લોકસભામાં ભારતીય જનતા પાર્ટીમાં રાજપુત સમાજની પ્રબળ ઉમેદવારી માટે સમગ્ર રાજપુત સમાજના અગ્રણીઓના પ્રતિનિધિમંડળની ઓમપ્રકાશ માથુર અને જિતુભાઈ વાઘાણી સાથે ખાસ બેઠક : ગુજરાત વિધાનસભામાં સીટની ફાળવણીમાં રાજપુત સમાજને થયેલ અન્યાય સામે આગામી લોકસભામાં રાજપુત સમાજના પ્રબળ દાવેદારોને ભારતીય જનતા પાર્ટી ન્યાય આપી યોગ્ય સીટો ફાળવે તેવી રજુઆત સાથે આજે સમસ્ત ગુજરાત રાજપુત સમાજના અગ્રણીઓએ પક્ષના રાષ્ટ્રીય નેતા ઓમપ્રકાશ માથુર, ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ જિતુભાઈ વાઘાણીની મુલાકાત લઈને ખાસ રજુઆત કરી હતી. રાજપુત સમાજના અગ્રણીઓએ આ શુભેચ્છા મુલાકાતમાં ગુજરાત વિધાનસભામાં સીટોની ફાળવણીમાં રાજપુત સમાજને થયેલ અન્યાય બાબતે રજુઆત કરી હતી. સક્ષમ રાજપુત ઉમેદવારોની પસંદગી થાય તેવી લાગણીની રજુઆત કરવામાં આવી હતી.

# સે. ૨ માં રહેતા પતિ અને પરિવારના સભ્યો સામે પરિણિતાએ મારપીટની ફરિયાદ નોંધાઈ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરના સેક્ટર-૨ ખાતે વસવાટ કરતા પતિ, સાસુ-સસરા અને ત્રણ નણંદ સામે અપશબ્દો બોલવાની અને મારપીટ સહિતના આક્ષેપ કરતી ફરીયાદ નોંધાઈ છે.

પોલીસ પાસેથી મળતી વિગતો મુજબ પૂણા ખાતે રહેતી પરિણીતા અંજલી માતંડ કુશવાલ (ઉં.વ.૨૫)એ મુંઢવા પોલીસ સ્ટેશનમાં આપેલા નિવેદનને પગલે સે. ૭ પોલીસમથકમાં ફરિયાદ નોંધાઈ છે. ગત તા. ૧૩-૧૧-૧૩ના રોજ તેના લગ્ન સે. ૨-ડી પ્લોટ નં. ૧૦૨૮ ખાતે રહેતા માર્તંડ પ્રતાપસિંહ કુશવાલ સાથે થયા હતા. પરિવારમાં સાસુ મધુબાલા, સસરા શિવપ્રતાપસિંગ કુસવાલ અને નણંદો શિવાની, પ્રિયંકા અને હંસિકા સાથે સંયુક્ત પરિવારમાં રહેતા હતા. પરિણિતાનો પતિ બે કંપનીઓ ધરાવે છે. લગ્નના બે-ત્રણ મહિના બાદ અંજલીબેન પુણા ખાતે પિયરમાં ગયા હતા. ચાર માસ પિયરમાં રહેવા છતાં પતિ લેવા આવ્યા ન હતા. ત્યારબાદ થોડા સમય પછી ગાંધીનગર આવતા અંજલીબેનને સાસરીયાવાળાઓએ ઘરનુ બધુ કામ કરાવી નોકરાણી જેવો હાલ કરી દીધો હતો.

ઘરવાળા ખાવાનું બનાવતા નથી આવડતુ કહી મેણા-ટોણા મારતા હતા. પતિ રાત્રીના સમયે કોઈની સામે વાત કરતા હતા તે નંબર પર ફોન કરતા તે કોઈ યુવતિનો મોબાઈલ નંબર હતો. આ ઘટના બાદ પતિએ ઉંઘની ગોળી આપી સુવડાવી દેવાનુ ચાલુ કર્યુ હતુ. પિયરથી કશુ લાવી નથી સહિતના અનેક આક્ષેપ પણ કર્યા હતા. જેને પગલે પુનાના મુંઢવા પોલીસ સ્ટેશન ખાતે પરિણિતાએ આપેલા નિવેદનના આધારે સે. ૭ પોલીસે સ્ટેશન ખાતે પતિ અને પરિવારના સભ્યો સામે ફરીયાદ નોંધાઈ છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સે. ૩/ડી જિનાલય ખાતે "છ ગાઉની ફેરી" યોજાઈ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરમાં સેક્ટર-૩-ડી ખાતેના શ્રી આદેશ્વર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા ઢેબરા તેરસ નિમિત્તે "છ ગાઉની ફેરી"નું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં મનોરમ્ય શત્રુંજય ગિરીરાજની પ્રતિકૃતિ તૈયાર કરવામાં આવી હતી. સેક્ટર-૩-ડીના જિનાલય ખાતે યોજાયેલ "છ ગાઉની ફેરી"માં પાંચ ચૈત્યવંદન કરતા ભાવુકો, જય તળેટી, હિંગળાજનો હડો, પદ્માવતીદેવીનું સ્થાન, હનુમાનનો હડો, રામપોળ ઉપરાંત છ ગાઉની આબેહુબતા દેવકીના છ પુત્રો, ઉલ્કાજળ, ચંદન તલાવડી, સિદ્ધશિલા, ભાડવાડુંગર, સિદ્ધવડ સહિત ભક્તિભર્યા અનેક પાલોનાં દર્શન યોજવામાં આવ્યાં હતા. આ સાથે રંગોળી તથા આકર્ષણયુક્ત શત્રુંજયના પ્રભાવોનું પણ આકર્ષણ તૈયાર કરાયુ હતુ. આ પ્રસંગે મુનિ પૂ. સત્વ બોધિવિજયજી મ.સા., પૂ. યશકલ્યાણ વિજયજી મસા. વગેરેની પાવન પ્રેરણા પ્રાપ્ત થઈ હતી.

# હોળી-ધૂળેટીમાં પણ કુછ મીઠા હો જાય... ગુજીયા અને ઘેવર જલેબી હોટ ફેવરીટ

ગાંધીનગર, તા. ૧૯

ભારતના તહેવારોની કલ્પના મીઠાઈ વગર કરવી અશક્ય છે. આપણી સંસ્કૃતિના તહેવાર સાથે પહેલેથી જ મીઠાઈનું ખાસ જોડાણ રહ્યુ છે. જોકે સમયની સાથે વ્યક્તિગત પસંદમાં ફેરફારો આવ્યા છે. તેમ વારે તહેવારે આરોગાતી મીઠાઈઓમાં પણ બદલાવ આવ્યો છે. જે નગરજનો ખુશી-ખુશી અપનાવી રહ્યા છે. તહેવારો આવે ખુશીયો લાવે તહેવાર ગમે તે હોય પણ ઉજવવા માટેનો ઉત્સાહ તો દરેકમાં હોય જ છે. દીવાળી હોયકે હોળી પણ કુછ મીઠા... હો જાયેની મજા તો લેવાની જ. જેમ-જેમ તહેવારના દિવસો નજીક આવે તેમ શહેરમાં અવનવી ખાદ્ય સામગ્રીઓ તેમજ મીઠાઈનું વિશેષ વેચાણ થાય છે. આજે શહેરમાં હોળીને અનુલક્ષીને ખાસ ગુજીયા અને ઘેવર જલેબી તરફ રસિયાઓની નજર છે. ખજુર, ધાણી, હાયડા તો પરંપરાગત રીતે ખરીદવામાં આવે જ છે. બીજીબાજુ હોળી નિમિત્તે ખાસ રાજસ્થાન અને પંજાબથી નગરમાં સ્થિત કુટુંબો પણ વિવિધ મીઠાઈ ગીફ્ટ તરીકે એકબીજાને આપીને હેપી હોળીની શુભકામના પાઠવે છે.



હોળીના તહેવારમાં ખજુર, ધાણી અને હાયડાનુ ચલણ તો દર વર્ષે હોય જ છે. આ વર્ષે શહેરની મીઠાઈની દુકાનોમાં ગુજીયા અને ઘેવર જલેબી તહેવારના ભાગરૂપે વેચાતી જોવા મળી રહી છે. માવાના પુરણ સાથે બનતી ગુજીયા મિઠાઈ ખાંડની ચાસણી સાથે લેવાય છે તથા જલેબી જેવીજ મીઠાઈ ઘેવર જે ધાર પાડીને બનાવાય છે. આ મીઠાઈઓ રાજસ્થાની અને પંજાબના વ્યક્તિઓ દ્વારા વધુ ખરીદાતી જોવા મળી રહી છે.



મીઠાઈના પેકેટને ભેટ સ્વરૂપે પરિવારના નવા સભ્યને, નવી નવેલી વહુને તથા એક બીજાને વ્યવહારમાં આપવા અર્થે કુટુંબો વચ્ચે આપ-લે થાય છે.

# રાજ્યમાં વધુ એક વખત પાટીદાર પાવરનો પ્રયોગ

**બંને પક્ષોએ પાટીદાર નેતાઓને મેદાનમાં ઉતારવા ક્વાયત આરંભી છે : ભાજપમાંથી સી. કે. પટેલ, જીવાભાઈ પટેલ, નરેશ પટેલ, પરેશ ગજેરા, લલીત રાદડિયા, ઋત્વીક પટેલ સહિતના નામો ચર્ચામાં, જ્યારે કોંગ્રેસમાં હાર્દિક પટેલ, ડો. હિમાંશુ પટેલ, લલીત વસોયા, લલીત કથગરા, જી. એમ. પટેલ, જેની ઠુમ્મર, કોકીલા કાકડીયાના નામો ચર્ચામાં**

ગુજરાતમાં એક કરોડથી વધુ પાટીદાર મતો હોવાથી બન્ને રાજકીય પક્ષો એવા ભાજપ અને કોંગ્રેસ પાટીદાર આગેવાનોને ટિકિટ આપવા માટેની હિલચાલ શરૂ કરી છે, ત્યારે ૨૦૧૫ બાદ ગુજરાતમાં વિમુખ થયેલા પાટીદાર મતદારોને ખેંચવા માટે ભાજપે સૌરાષ્ટ્રમાંથી ખોડલધામના પ્રણેતા નરેશ પટેલને અને ઉત્તર ગુજરાતમાંથી વિશ્વ ઉમિયાધામના પ્રણેતા સી.કે.પટેલને ચૂંટણી લડાવવા માટેના પ્રયાસો શરૂ કર્યા છે. લેઉવા અને કડવા એમ બે જૂથમાં વહેંચાયેલા પાટીદારોને મતદારોની સંખ્યા મુજબ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં પટેલ મતો મેળવવા માટે ભાજપે નવી રણનીતિ અપનાવી છે. તો, કોંગ્રેસે પણ આ ચૂંટણીમાં પાટીદાર ફેકટરનો મહત્તમ લાભ ઉઠાવવાની વ્યૂહરચના ઘડી છે. પાટીદારોને લઈ બંને પક્ષમાં હાલ કશમકશનો ખેલ ચાલી રહ્યો છે. ૨૦૧૪માં ગુજરાતમાંથી નરેન્દ્ર મોદીની વિદાય બાદ તેમના અનુગામી તરીકે આવેલા આનંદીબેન પટેલ અને રૂપાણીના શાસનમાં પાટીદાર અનામત આંદોલન શરૂ થતાં પાટીદાર સમાજનો કેટલોક હિસ્સો ભાજપ વિરોધી થઈ ગયો હતો. જેના કારણે ૨૦૧૫ બાદ ગુજરાતમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ભાજપને પાટીદાર મતોનો મોટો ફટકો પડ્યો હતો. એટલું જ નહીં, ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં પણ પાટીદાર મતોના કારણે ભાજપને અપેક્ષા કરતા ઓછી બેઠકો મળી હતી. જ્યારે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ગુજરાતની ૨૬માંથી ૧૦ બેઠકો પર પાટીદાર મતદારોનું પ્રભુત્વ રહેલું છે ત્યારે આ બેઠકો પર વિજય મેળવવા માટે ભાજપે ફરી એકવાર નવી રણનીતિ અપનાવી છે.




જેમાં લેઉવા પાટીદાર સમાજના આગેવાન નરેશ પટેલ અને કડવા પાટીદાર સમાજના આગેવાન સી.કે.પટેલ ભાજપ કરતા પણ વધુ પીએમ મોદી સાથે ઘરોબો ધરાવતા હોવાથી લોકસભાની ચૂંટણીમાં પાટીદાર સમાજના બન્ને આગેવાનોને ભાજપમાંથી ચૂંટણી લડવા માટે નરેન્દ્ર મોદી દ્વારા સીધો જ સંપર્ક કરવામાં આવી રહ્યો છે, ત્યારે આ બન્ને આગેવાનોને ભાજપમાંથી ચૂંટણી લડાવીને સૌથી વધુ લેઉવા પાટીદાર મતદાર ધરાવતા સૌરાષ્ટ્ર અને સૌથી કડવા પાટીદાર મતદાર ધરાવતા ઉત્તર ગુજરાતમાં ભાજપનો ભગવો લહેરાવવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.અગાઉ સૌરાષ્ટ્રમાં લેઉવા પટેલ સમાજના ખોડલધામના કાર્યક્રમમાં ઉદ્ઘાટક તરીકે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને બોલવવાના હતા પરંતુ ખોડલધામના કેટલાક પ્રશ્નો અને આગેવાનોની એવી લાગણી હતી કે, ખોડલધામના ઉદ્ઘાટનમાં માત્ર પાટીદાર હોય તેવા નેતાઓને જ આમંત્રણ આપો. જેના કારણે વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીને બોલાવવાનું કેટલાક પાટીદારોનો સપનું અધુરું રહી ગયું હતું, એટલું જ નહીં મોદીને ખોડલધામમાં નહીં બોલાવવા મુદ્દે નરેશ પટેલે જે તે સમયે ટ્રસ્ટમાંથી રાજીનામું પણ ધરી દીધું હતું. વિશ્વ ઉમિયાધામના પ્રણેતા સીકે પટેલ ભાજપ આગેવાન છે, જેથી સી.કે.પટેલે લોકસભા ચૂંટણી પહેલા ઉમિયાધામના કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને બોલાવવા માટે પ્રયાસો કર્યા હતા. આ પ્રયાસો સફળ થયા હતા. જેના આધારે હવે આગામી લોકસભા ચૂંટણીમાં ભાજપમાંથી સી.કે.પટેલની ટિકિટ લગભગ નક્કી હોવાનું મનાઈ રહ્યું છે.

## બંન્ને પક્ષમાંથી ઓફર આવે તો પ્રથમ ચાન્સ હું ભાજપને આપું: પરેશ ગજેરા

હાલ ભાજપ અને કોંગ્રેસમાં લોકસભાની ચૂંટણી માટે ઉમેદવારો શોધવાની કવાયત ચાલી રહી છે, ત્યાં રાજકોટ લોકસભા ચૂંટણીને લઈને રાજકારણ ગરમાયુ છે. રાજકોટ બેઠક પર ફરી એક વખત ખોડલધામના પૂર્વ પ્રમુખ અને ગુજરાત ક્રેડાઈના પ્રમુખ પરેશ ગજેરાનું નામ ચર્ચામાં આવ્યું છે. પરેશ ગજેરાને રાજકોટ બેઠક પર આવકારતા બેનરો શહેરના વિવિધ વિસ્તારોમાં લાગ્યા છે. આ બેનરો પરેશ ગજેરાના સમર્થકો દ્વારા લગાવવામાં આવ્યા છે. પરેશ ગજેરાના સમર્થકોએ કાલાવડ રોડ, કિશાનપરા ચોક, કોટેચા ચોક સહિત વિવિધ વિસ્તારોમાં ૫૦ જેટલા બેનરો લગાવ્યા છે. આ બેનરોમાં પરેશ ગજેરાને યુવા નેતા, પ્રતિભાશાળી અને લોકપ્રિય બતાવવામાં આવ્યા છે. પરેશ ગજેરાને રાજકોટ બેઠક પરથી ટિકિટ આપવાથી પક્ષને કાલાવડ, જૂનાગઢ, અમરેલી, સુરત અને જામનગર વિસ્તારમાં ફાયદો થશે તેવા લખાણ બેનર્સ પર જોવા મળ્યા છે. આ બેનર્સ પરેશ ગજેરાનુ સમર્થન કરતી વિવિધ સંસ્થાઓ દ્વારા લગાવાયા છે. જેમાં પાટીદાર સમાજ, હિન્દૂ રામસેના અને અખિલ ભારતીય હિન્દૂ યુવા મોરચા સામેલ છે.

રાજકોટમાં લાગેલા બેનર બાદ પરેશ ગજેરાએ મીડિયા સાથેની વાતચીતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વખાણ કર્યા હતા. તેમણે કહ્યું કે, ભાજપ પક્ષ મજબૂત પક્ષ છે. બંન્ને પક્ષમાંથી મને ઓફર આવે તો, પ્રથમ ચાન્સ હું ભાજપને આપું. સમાજના આગેવાનો અને મિત્રો સાથે ચર્ચા કરી ચૂંટણી લડવા નિર્ણય લેવામાં આવશે.

## ચૂંટણીને લઈ મહિલા કોંગ્રેસ દાવેદારી નોંધાવવા સક્રિય છે

**ગુજરાતભરમાં ૪૮ ટકા મતો મહિલાઓના હોવા છતાંય મહિલાઓને પૂરતી પ્રાધાન્યતા આપવા જોરદાર માંગણી**

આગામી તા.૨૩ એપ્રિલે યોજાનારી લોકસભાની ચૂંટણી માટે ગુજરાત મહિલા કોંગ્રેસમાં પણ થનગનાટ જોવા મળ્યો છે. રાજ્યમાં ૪૮ ટકા મહિલાઓના મત હોવા છતાં મહિલાઓને રાજકીય પ્રતિનિધિત્વ આપવાના મામલે ભાજપ અને કોંગ્રેસ આ બંને મુખ્ય રાજકીય પક્ષ નિષ્ફળ નીવડ્યા છે, જોકે જ્યાં સુધી ગુજરાત મહિલા કોંગ્રેસનો પ્રશ્ન છે તો મહિલા કોંગ્રેસે રાજ્યની તમામ ૨૬ બેઠક પર દાવેદારી નોંધાવી છે. મહિલા કોંગ્રેસ તરફથી આ વખતે લોકસભા ચૂંટણીમાં મહિલા ઉમેદવારોને પૂરતી પ્રાધાન્યતા આપવા પણ માંગ કરવામાં આવી છે. છેલ્લી લોકસભા ચૂંટણીમાં ભાજપે ચાર મહિલાને ટિકિટ આપી હતી. જ્યારે કોંગ્રેસમાંથી એકમાત્ર દાહોદ બેઠક પરથી ડો.પ્રભા તાવિયાડને ટિકિટ મળી હતી. આ વખતે દાહોદ બેઠક પર ફરી ચૂંટણી લડવાની ઈચ્છા ડો.પ્રભા તાવિયાડે દર્શાવી હોવાનું ગુજરાત મહિલા કોંગ્રેસનાં પ્રમુખ ગાયત્રીબહેન વાઘેલાએ જણાવ્યું હતું. ગુજરાત મહિલા કોંગ્રેસનાં પ્રમુખે વધુમાં ઉમેર્યું હતું કે, પોરબંદરથી ડો.ઉર્વશીબહેન મણવર, અમરેલીથી ગેનીબહેન ઠુમર, ભાવનગરથી ઈલાબહેન ગોહિલ તેમજ દાહોદથી હાલનાં ધારાસભ્ય ચંદ્રિકાબહેન બારૈયાએ પણ લોકસભાની ચૂંટણી લડવા દાવેવારી નોંધાવી છે. બનાસકાંઠા લોકસભા બેઠક માટે પૂર્વ સાંસદ સ્વ.મુકેશ ગઢવીનાં ધર્મપત્ની ક્રિષ્નાબહેન ગઢવી અને ખેડામાંથી સજ્જનબહેને પણ ચૂંટણી લડવાની ઈચ્છા દર્શાવી છે. આમ, લોકસભાની ચૂંટણીને લઈ કોંગ્રેસના મહિલા ઉમેદવારોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે તો સાથે સાથે કોંગી હાઈકમાન્ડ દ્વારા આ વખતે ચૂંટણીમાં મહિલા ઉમેદવારોને પૂરતી પ્રાધાન્યતા અપાવી જોઈએ તેવી લાગણી પણ ઉઠી છે.

## રાજકારણમાં જઈશું તો જ કોઈ આપણા સમાજનો ભાવ પૂછશેઃ નરેશ પટેલ

ખોડલધામ સમિતિના પ્રણેતા નરેશ પટેલે પણ એક જાહેર કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, 'આપણામાંથી રાજકારણમાં કોઈ આવે તો જ આપણા સમાજનો કોઈ ભાવ પૂછ્શે.' મહત્વનું છે કે નરેશ પટેલે ધોરાજી ખોડલધામ યુવા સમિતિ દ્વારા લેઉવા પટેલ સાંસ્કૃતિક ભવન ખાતે શહીદોને શ્રદ્ધાંજલિ આપવાના કાર્યક્રમની સાથે સાથે મહારક્તદાન કેમ્પ અને ખોડલધામ સમિતિના પ્રણેતા નરેશ પટેલની રક્તતુલાના કાર્યક્રમમાં આ નિવેદન આપ્યું હતું.

આ કાર્યક્રમમાં નરેશ પટેલે કહ્યું હતું કે, 'રાજકારણ વગર સમાજની પ્રગતિ શકય નથી. રાજકારણ વગર આપણી પ્રગતિ પણ નથી. કોઈપણ ક્ષેત્રમાં રાજકારણ જરૂરી છે એટલે હું યુવા સમિતિને વિનંતી કરૂ છું કે જે સક્ષમ હોય એ રાજકારણમાં આગળ વધે. જો સમાજ રાજકીય રીતે સંગઠિત થશે તો જ આપને કોઈ પૂછવા આવશે.'

બે વર્ષ પહેલા વિધાનસભાની ચૂંટણી વખતે પાટીદારોની સામાજિક એકતાના પ્રતીકને રાજકારણથી દૂર રાખવાનું બ્યૂગલ ફૂંક્યું હતું. હવે તેમણે યુ-ટર્ન લઈને ખોડલધામ યુવા સમિતિના આગેવાનોને સક્રિયપણે રાજકારણમાં આગળ વધવા હાકલ કરી નવું ગણિત આપ્યું છે ત્યારે લોકોમાં અનેક મતમતાંતરો જોવા મળ્યાં છે. આ કાર્યક્રમમાં ભાજપ-કોંગ્રેસના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. મહત્વનું છે કે થોડા સમયથી ખોડલધામ સમિતિમાં પણ વિચારધારામાં બે જૂથો સર્જાયા છે. અગાઉ પરેશ ગજેરાના રાજીનામા પછી આ પ્રતિષ્ઠિત સંગઠન વિવાદમાં આવ્યું હતું.